ક્રમાંક: **SLR/11/2019/ 51 /B1**
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૧/૨૦૨૧

પ્રતિ
મેનેજીંગ ડીરેક્ટરશ્રી
ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેસ કોર્સ, વડોદરા

**વિષય:** સ્મોલ સ્કેલ ડીસ્ટ્રીબ્યુટેડ સોલાર પોલીસી-૨૦૧૯ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સ્મોલ સ્કેલ ડીસ્ટ્રીબ્યુટેડ સોલાર પોલીસી-૨૦૧૯ હેઠળ **તા.૧૫/૦૧/૨૦૨૧ સુધી અથવા ૮૦૦૦ મે.વો. કેપેસીટી સુધી – એ બંનેમાંથી જે વહેલાં પૂર્ણ થાય ત્યાં સુધી**, સ્મોલ સ્કેલ ડીસ્ટ્રીબ્યુટેડ સોલાર પોલીસી-૨૦૧૯ તળે અરજીઓ મેળવવા આજ્ઞાનુસાર વિનંતી છે.

વધુમાં, સદર પોલીસી તળે નીચેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આજ્ઞાનુસાર વિનંતી છે:

- **ડિસ્કોમ દ્વારા મળેલ અરજીઓની સબસ્ટેશન વાર અગ્રતા ચુસ્તપણે નિભાવવાની રહેશે. PPA કરવામાં આવે ત્યાં સુધી મળેલ અરજીઓની સદર અગ્રતા ચુસ્તપણે નિભાવવાની રહેશે. આ અગ્રતા યોગ્ય રીતે નિભાવવામાં આવે તે જોવાની જવાબદારી જે તે ડિસ્કોમના મેનેજીંગ ડિરેક્ટરશ્રીની રહેશે. 'વેઇટીંગ લીસ્ટ'માં રાખવામાં આવેલ અરજીઓ સંદર્ભે પણ આ જ રીતે સબસ્ટેશન વાર અગ્રતા ચુસ્તપણે નિભાવવાની રહેશે.**
- **સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુટેડ જનરેશન પોલીસીની ગાઇડલાઇન મુજબ PPA કર્યાના છ મહિના દરમિયાન અરજદારે જમીનના દસ્તાવેજો રજૂ કરવાના રહે છે. જેથી અરજી સમયે અરજદાર પાસેથી ડિસ્કોમ દ્વારા માંગવામાં આવેલ સ્થળની વિગતોના આધારે જ PPA કરવાનું રહેશે અને PPA સમયે જમીનને લગતી અન્ય કોઇપણ વિગતો માંગવાની રહેશે નહીં. વધુમાં જમીનના અન્ય કોઇપણ દસ્તાવેજ (અરજી સમયે રજૂ કરેલ વિગતો સિવાય)ના અભાવે કોઇની પણ અરજી નામંજૂર કરી શકાશે નહીં.**
- **બેંક અને નાણાકીય મુદ્દા સંદર્ભે એ સ્પષ્ટતા કરવી જરૂરી બને છે કે, ઠરાવની જોગવાઇ મુજબ PPA સમયે નિયત રકમની બેંક ગેરંટી અરજદારે આપવાની રહે છે. નાણાકીય / બેંકને સંલગ્ન અન્ય કોઇપણ દસ્તાવેજ PPA સમયે રજૂ કરવાનો રહેશે નહીં.**
- **વધુમાં, સદર નીતિની ગાઇડલાઇન મુજબ પ્રોજેક્ટની માલિકીમાં કોઇપણ ફેરફાર પ્રોજેક્ટ કાર્યાન્વિત થયાના એક વર્ષ સુધી કરી શકાતો નથી. જેથી, ડિસ્કોમ દ્વારા આ બાબતે**

PPAકરતાં સમયે ખાતરી અચૂકપણે કરવાની રહેશે કે અરજી સમયે દર્શાવેલ વ્યક્તિ / વ્યક્તિઓ / ભાગીદારી પેઢી / કંપનીનાં માલિકીપણા/ કન્ટ્રોલ ઓફ મેનેજમેન્ટ / શેરહોલ્ડીંગમાં કોઇપણ પ્રકારનો ફેરફાર થયેલ નથી.

આપનો વિશ્વાસુ

( ભાર્ગવ પટેલ)
સેકશન અધિકારી
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ